PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૩/ક્વા–૦૨/૧૬–૧૭/ ૬૦૪૬ તા. ૦૪/૧૦/૧૬

રજી. એડી પત્ર

પ્રતિ,
શ્રી હરસુખભાઈ રત્નાભાઈ ગમઢા,
ગામ: મોટાવડાળા,
તા. કાલાવડ,
જી. જામનગર
મો: ૯૮૨૫૩ ૪૪૧૦૮

વિષય :–વીજલાઈન મેન્ટેનન્સ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૩/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No. 04/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦૩/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૩૦–૦૯–૧૬ સ્થળ :–જામનગર

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી હરસુખભાઈ રત્નાભાઈ ગમઢા, ગામ: મોટાવડાળા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

ફરીયાદ : વીજલાઈન મેન્ટેનન્સ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ:મોટાવડાળા ખાતે ના, ખેતીવાડી વીજજોડાણ વાળા ગ્રુપ ની, હૈયાત એલ.ટી. વીજલાઈન ના તાર, હાર્ડવેર, ઘાય, વગેરે તમામ બાબતો વર્ષો જુની અને જર્જરીત હાલત મા હોય, આવા કારણોસર તેમના જોડાણ મા વારંવાર વિજવિક્ષેપ થતો હોય, સદર વીજલાઈન નુ, પીજીવીસીએલ ના નિયમાધીન, યોગ્ય પ્રકાર નુ સમારકામ કરી, અને તે મુબજ તેમના જોડાણ ને ગુણવતાયુકત પાવર પુરવઠો મળી રહે, તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ના ગામ:મોટાવડાળા ખાતે ના, ખેતીવાડી વીજજોડાણ વાળા ગ્રુપ ની, હૈયાત એલ.ટી. વીજલાઈન ના સમારકામ બાબતે ની અરજદાર શ્રી ની, રજુઆત ધ્યાને લઈ અને પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૨૭–૦૯–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના સદર જોડાણ વાળા વિસ્તાર ના ખેતીવાડી વીજગ્રુપ ને, વીજપુરવઠો પુરો પાડતી એવી, ૧૧ કેવી સીધુડી ફીડર ના, કુલ ૦૮ ગાળા ના વાયરો તથા જરૂરી હાર્ડવેર વગેરે બદલાવવાની કામગીરી, જે અરજદાર શ્રી ની, હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ તેમના તા.૨૭–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્રક હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની વીજલાઈન નુ સમારકામ ની કામગીરી, જે અરજદાર શ્રી ની, હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ તેમના તા.૨૭–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્રક હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદ્દા નં.-૪:

## હુકમ

૪.૧ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..